

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯૯ | ૧૯ જુન, ૨૦૨૧, શનિવાર; જયેષ્ઠ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

રાજ્યમાં મેઘ મહેર, આણંદમાં આભ ફાટ્યું

આણંદમાં ૪ કલાકમાં ૭ ઈંચ વરસાદ ખાબક્યો : સમગ્ર રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં વરસાદની આગાહી, વરસાદની વચ્ચે ભૂજમાં ભૂકંપના આંચકાથી ગભરાહટ : સુરતમાં પણ ભારે વરસાદ : રાજ્યભરમાં ચોમાસાની જોરદાર જમાવટ : રાજ્યના ૧૧૭ તાલુકામાં વરસાદ

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં ગઈકાલ રાતથી જ ઠેકઠેકાણે ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આણંદમાં ચારેક કલાકમાં જ ધોધમાર સાડા સાત ઈંચ વરસાદ પડી જતાં ઠેર-ઠેર જળબંબાકાર સ્થિતિ સર્જાઈ હતી. આણંદ ટાઉનમાં ભારે વરસાદને કારણે બજારોમાં પાણી ભરાઈ ગયા હતા.

સુરતમાં પણ આજે વરસાદનું જોરદાર ઝાપટું પડી જતાં શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાના દ્રશ્યો જોવા મળ્યા હતા. આજ સવારથી જ સુરતમાં સતત વરસાદ પડી રહ્યો છે. રસ્તાઓ જાણે નદીમાં ફેરવાઈ ગયા હોય તેવી સ્થિતિ વચ્ચે ટ્રાફિકને અસર પડી હતી. સુરત ઉપરાંત, દક્ષિણ ગુજરાતના નવસારી, તાપી, વલસાડ જેવા જિલ્લામાં પણ નોંધપાત્ર વરસાદ નોંધાયો છે.

સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં પણ આજે નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાતાવરણમાં પલ્ટો આવતા સાર્વત્રિક વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત, આસપાસના વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

વૈશ્વિક નેતા તરીકે પ્રધાનમંત્રી મોદીની લોકપ્રિયતા બરકરાર

જો બાઇડન અને બોરિસ જોનસનને પાછળ છોડ્યા

નવી દિલ્હી,તા.૧૮

કોરોના કાળમાં પણ વડપ્રધાન નરેન્દ્ર મોદી દુનિયાભરમાં સૌથી વધુ પસંદ કરાતા નેતાઓમાં પહેલા સ્થાન પર છે. અમેરિકાની ડેટા ઈન્ટેલિજન્સ ફર્મ મોર્નિંગ કન્સલ્ટ તરફથી કરવામાં આવેલા સર્વેમાં અન્ય નેતાઓની તુલનામાં વડાપ્રધાન મોદી સૌથી લોકપ્રિય છે. વડાપ્રધાન મોદીની ગ્લોબલ અપ્રૂવલ રેટિંગ ૬૬ ટકા છે. સર્વેના માધ્યમથી મળેલા ડેટા મુજબ, કોરોના સંકટમાં પણ વડાપ્રધાન મોદી અમેરિકા, બ્રિટશ, રશિયા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, બ્રાઝીલ, ફ્રાન્સ અને જર્મની સહિત ૧૩ દેશોના અન્ય નેતાઓથી ઘણા આગળ છે. અમેરિકાની ડેટા ઈન્ટેલિજન્સ ફર્મ મોર્નિંગ કન્સલ્ટ તરફથી કોરોના કાળ દરમિયાન દુનિયાભરના નેતાઓની લોકપ્રિયતાને લઈ એક સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેના ડેટાનો અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે કોરોના મહામારી દરમિયાન વિશ્વભરના નેતાઓની લોકપ્રિયતામાં થોડો ઘટાડો ચોક્કસ આવ્યો છે. તેમ છતાંય વડાપ્રધાન મોદી લોકપ્રિય નેતાઓમાં સૌથી ઉપર છે. વડાપ્રધાન મોદી બાદ બીજા નંબર પર ઈટલીના વડાપ્રધાન મારિયા ડ્રેગી છે. મારિયો ડેગીની અપ્રૂવલ રેટિંગ ૬૫ ટકા છે જ્યારે ત્રીજા નંબરે મેક્સિકોના રાષ્ટ્રપ્રમુખ લોકેજ ઓબ્રેડોર છે. લોકેજ ઓબ્રેડોરની અપ્રૂવલ રેટિંગ ૬૩ ટકા છે.

અમેરિકાની ડેટા ઇન્ટેલિજન્સ ફર્મ મોર્નિંગ કન્સલ્ટના સર્વેમાં મોદીની ગ્લોબલ અપ્રવૂલ રેટિંગ ૬૬ ટકા

વિશ્વમાં કોરોના ૪૦ લાખને ભરખી ગયો

સંયુક્ત રાજ્ય અમેરિકા, બ્રાઝિલ, ભારત, રશિયા અને મેક્સિકોમાં વિશ્વના ૫૦ ટકા જેટલા મૃત્યુ નોંધાયા

વોશિંગ્ટન,તા.૧૮

કોરોના વાયરસના કારણે આજે પણ વિશ્વમાં દરરોજ હજારો લોકોના મોત થઈ રહ્યા છે. કોરોનાની પહેલી લહેર બાદ બીજી લહેરે પણ અનેક લોકોનો ભોગ લીધો છે અને અમુક દેશોમાં તો ત્રીજી લહેર પણ આવી પહોંચી છે. એક રિપોર્ટ પ્રમાણે કોરોનાનો વૈશ્વિક મૃતકઆંક ૪૦ લાખના આંકડાને પાર કરી ગયો છે.

પોતાના નાગરિકોને બચાવવા માટે અનેક દેશોએ વેક્સિનેશનની પ્રક્રિયા ઝડપી બનાવી દીધી છે પરંતુ ઝડપથી સ્વરૂપ બદલી રહેલો કોરોના વાયરસ ચિંતાનું કારણ બન્યો છે. આલ્ફાથી લઈને સૌથી ખતરનાક કોરોના વેરિએન્ટ ડેલ્ટા હજુ પણ લોકોને પોતાના શિકાર બનાવી રહ્યા છે.

એક અહેવાલ પ્રમાણે કોરોના વાયરસના મૃતકઆંકને ૨૦ લાખ સુધી પહોંચવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો અને તેના પછીના ૨૦ લાખ સુધી પહોંચવામાં ફક્ત ૧૬૬ દિવસ જ નોંધાયા છે.

વિશ્વના કુલ મૃત્યુની વાત કરીએ તો ટોચના ૫ દેશો સંયુક્ત રાજ્ય અમેરિકા, બ્રાઝિલ, ભારત, રશિયા અને મેક્સિકોમાં વિશ્વના ૫૦ ટકા જેટલા મૃત્યુ નોંધાયા છે. જ્યારે પેરૂ, હંગરી, બોસ્નિયા, ચેક ગણરાજ્ય અને જિબ્રાલ્ટરમાં મૃત્યુ દર સૌથી ઉંચો છે.

બોલિવિયા, ચિલી અને ઉરૂગ્વેની હોસ્પિટલોમાં ૨૫થી ૪૦ વર્ષની ઉંમરના કોરોના પેશન્ટ વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. કારણ કે, પહેલી લહેર બાદ બીજી લહેરમાં યુવાનો ખૂબ સંક્રમિત થયા હતા. જ્યારે બ્રાઝિલના સાઓ પાઉલોમાં આઈસીયુમાં રહેનારાઓમાંથી ૮૦ ટકા કોરોનાના દર્દીઓ છે.

સર્ટિફિકેટની જરૂર નથી, અમે પ્રમાણિત ગુંડા : રાઉત

મુંબઈમાં શિવસેના ભવન માત્ર એક રાજનીતિક પક્ષનું મુખ્યાલય નહીં, રાજ્યની ઓળખનું પ્રતિક હોવાનો દાવો

મુંબઈ,તા.૧૭

અયોધ્યામાં ભૂમિ ડીલ વિવાદ અંગે શિવસેનાના મુખપત્ર સામનામાં કથિત અપમાનજનક ટિપ્પણીઓ વિરુદ્ધ ભાજપની યુવા શાખાએ વિરોધ માર્ચ કાઢી, ત્યારબાદ મધ્ય મુંબઈના દાદર વિસ્તારમાં આવેલા શિવસેના ભવન બહાર ભાજપ અને શિવસેનાના કાર્યકરો વચ્ચે ઝડપ થઈ ગઈ. આ ઘર્ષણ પર શિવસેનાના વરિષ્ઠ નેતા સંજય રાઉતે પલટવાર કર્યો અને કહ્યું કે હિન્દુત્વની વાત આવે ત્યારે અમે પ્રમાણિત ગુંડા છીએ. સંજય રાઉતે કહ્યું કે મુંબઈમાં શિવસેના ભવન એક રાજનીતિક પક્ષનું મુખ્યાલય જ નહીં પરંતુ મહારાષ્ટ્રની ઓળખનું પ્રતિક છે અને કોઈએ પણ તેની તરફ ખરાબ દ્રષ્ટિ નાખવાનું દુઃસાહસ કરવું જોઈએ નહીં.

તેમણે વધુમાં કહ્યું કે 'કોઈએ અમને ગુંડા હોવાનું પ્રમાણપત્ર આપવાની જરૂર નથી, અમે પ્રમાણિત છીએ. જ્યારે મરાઠી ગૌરવ અને હિન્દુત્વની વાત આવે ત્યારે અમે પ્રમાણિત ગુંડા છીએ.

ભારતમાં ઓક્ટોબર સુધીમાં કોરોનાની ત્રીજી લહેર આવશે

૩-૧૭ જૂન વચ્ચે કરાયેલા સર્વેમાં ૮૫ ટકા નિષ્ણાતોએ જણાવ્યું હતું કે કોરોનાની ત્રીજી લહેર આવી શકે છે

નવી દિલ્હી, તા. ૧૮

ભારતમાં કોરોનાની બીજી લહેર માંડ શાંત પડી છે ત્યાં ત્રીજી લહેરની આશંકાએ જોર પકડ્યું છે. કોરોનાની ત્રીજી લહેર સામે લડવા તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. કેટલાક મેડિકલ નિષ્ણાતોએ ભારતમાં ઓક્ટોબર સુધી મહામારીની ત્રીજી લહેર આવવાની સંભાવના વ્યક્ત કરી છે. એક સર્વે મુજબ નિષ્ણાતોએ એમ પણ જણાવ્યું છે કે ભારત ત્રીજી લહેરનો સામનો બીજી લહેર કરતા વધુ સારી રીતે કરશે. એક અંદાજ મુજબ કોરોના મહામારી ઓછામાં ઓછી એક વર્ષ સુધી જાહેર આરોગ્ય માટે ચિંતાજનક બની રહેશે.

વિશ્વભરના ૪૦ હેલ્થકેર નિષ્ણાતો, ડોક્ટર, વિજ્ઞાનીઓ, વાયરોલોજિસ્ટ અને મહામારી નિષ્ણાતોને આ સર્વેમાં સામેલ કરવામાં આવ્યા હતા. ૩-૧૭ જૂન વચ્ચે કરાયેલા સર્વેમાં ૮૫ ટકા નિષ્ણાતોએ જણાવ્યું હતું કે કોરોનાની ત્રીજી લહેર આવી શકે છે, ૨૪ પૈકી ૨૧ લોકોએ ત્રીજી લહેર ઓક્ટોબર સુધીમાં આવશે તેવી સંભાવના વ્યક્ત કરી હતી. ત્રણ નિષ્ણાતોએ ઓગસ્ટ સુધીમાં કોરોનાની ત્રીજી લહેર આવવાની શક્યતા વ્યક્ત કરી હતી. ૧૨ના મતે સપ્ટેમ્બરના શરૂઆતમાં કોવિડ ૧૯ની ત્રીજી લહેર આવી શકે છે. અન્ય લોકોએ કહ્યું કે ત્રીજી લહેર નવેમ્બરથી ફેબ્રુઆરી સુધીમાં આવી શકે છે.

૩૪ પૈકી ૨૪ નિષ્ણાતોએ જણાવ્યું કે ભારત બીજી લહેરની તુલનાએ ત્રીજી લહેરમાં વધુ સારી રીતે લડી શકશે. ભારતમાં બીજી લહેરની પીક એપ્રિલ-મેમાં આવી હતી. આ ગાળામાં ૨૪ કલાકમાં ચાર લાખથી વધુ રેકોર્ડ કેસ નોંધાયા હતા. આ ગાળામાં ઈન્જેક્શન, ઓક્સિજન અને દવાઓની ભારે અછત સર્જાઈ હતી.

એઈમ્સના ડાયરેક્ટર ડો. રણદીપ ગુલેરિયાએ જણાવ્યું કે, ત્રીજી લહેર નિયંત્રિત રહેશે કારણ કે રસીકરણ વેગવાન કરાયું છે. જેને પગલે સંક્રમિત દર્દીઓની સંખ્યા ઓછી રહેશે. આ લહેરથી કેટલીક હદે પ્રાકૃતિક ઈમ્યુનિટી આવશે. બાળકોમાં ત્રીજી લહેરથી જોખમ અંગે નિષ્ણાતોમાં મતભેદ જણાયો હતો. ૪૦ પૈકી ૨૬એ જણાવ્યું કે, બાળકો ઉપર કોરોનાની ત્રીજી લહેરનું વધુ જોખમ રહેશે જ્યારે ૧૪એ જણાવ્યું કે આવું કંઈ નહીં થાય.

એક લાખ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ તૈયાર કરવાની ઝૂંબેશ

કોરોનાની ત્રીજી લહેર સામે લડશે ૧ લાખ વોરિયર્સ : પ્રધાનમંત્રી મોદીએ શરૂ કર્યું મહાઅભિયાન : પ્રશિક્ષણ કાર્યક્રમ અંતર્ગત ઉમેદવારોને નિઃશુલ્ક ટ્રેઈનિંગ, સ્કિલ ઈન્ડિયાનું સર્ટિફિકેટ, ભોજન અને આવાસની સુવિધા વગેરે આપવામાં આવશે

ન્યુ દિલ્હી,તા.૧૮

દેશમાં કોરોનાની બીજી લહેર તબાહી મચાવીને હવે શાંત પડી રહી છે. આ દરમિયાન ત્રીજી લહેરની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્રીજી લહેરને ધ્યાને રાખીને ભારત સરકાર તૈયારીઓ કરવામાં લાગી છે. આના ભાગરૂપે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારના ૨૬ રાજ્યોના ૧૧૧ ટ્રેનિંગ સેન્ટરોથી કોવિડ-૧૯ હેલ્થકેર ફ્રન્ટલાઈન વર્કર્સ માટે વિશેષ રીતે તૈયાર તાલીમ કાર્યક્રમનો આરંભ કર્યો. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, દરેક સાવધાની સાથે આવનારા પડકારોને પહોંચી વળવા માટે આપણે દેશની તૈયારીઓને વધારવાની રહેશે. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે દેશમાં લગભગ ૧ લાખ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ તૈયાર કરવાનું મહાઅભિયાન શરૂ થઈ રહ્યું છે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોરોના મહામારીએ સાયન્સ, સરકાર, સંસ્થા અને વ્યક્તિ તરીકે આપણને આપણી ક્ષમતાઓ વધારવા માટે સતર્ક કર્યા છે. કોરોના સામે લડી રહેલી દેશની વર્તમાન ફોર્સના સપોર્ટ માટે દેશમાં લગભગ ૧ લાખ યુવાનોને તૈયાર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ કોર્સ ૨-૩ મહિનામાં જ પૂર્ણ થઈ જશે.

પીએમ મોદીએ કહ્યું કે, આ અભિયાનથી કોવિડ સામે લડી રહેલી આપણા હેલ્થ સેક્ટરની ફ્રન્ટલાઈન ફોર્સને નવી ઊર્જા પણ મળશે અને આપણા યુવાનો માટે રોજગારનો નવો અવસર પણ બનશે. છેલ્લા ૭ વર્ષમાં દેશમાં નવી એઈમ્સ, નવી મેડિકલ કૉલેજ, નવી નર્સિંગ કૉલેજના નિર્માણ પર ભાર આપવામાં આવ્યો છે. આમાંથી અનેકે કામ કરવાનું પણ શરૂ કરી દીધું છે. પીએમ મોદીએ કહ્યું કે, ફ્રન્ટલાઈન વર્કર્સના ખાસ તાલીમ કાર્યક્રમ હેઠળ ઉમેદવારોને નિઃશુલ્ક ટ્રેનિંગ, સ્કિલ ઈન્ડિયાનું સર્ટિફિકેટ, ભોજન તેમજ રહેવાની સુવિધા, કામ પર ટ્રેનિંગની સાથે સ્ટાઈપેન્ડ તેમજ ઉમેદવારોને ૨ લાખ રૂપિયાનો અકસ્માત વીમો મળશે.

પીએમ મોદીએ કહ્યું કે, ગામોમાં સંક્રમણનો ફેલાવો રોકવામાં, અંતરિયાળ વિસ્તોરમાં, પહાડી અને જનજાતિ ક્ષેત્રોમાં રસીકરણ અભિયાનને સફળતાપૂર્વક ચલાવવામાં આપણી આશા, આંગણવાડી અને ગામના સ્વાસ્થ્ય કર્મચારીઓએ ઘણી મોટી ભૂમિકા નીભાવી છે.

સાબરમતીમાંથી કોરોના વાયરસ મળ્યો

તમામ નમૂના કોરોનાથી સંક્રમિત નીકળ્યા : અમદાવાદના પ્રખ્યાત તળાવો કાંકરિયા અને ચંડોળામાંથી લેવાયેલા સેમ્પલ પણ પોઝિટિવ આવતાં તંત્ર દોડતું થયું : ગાંધીનગરની આઈઆઈટી અને દેશની ૮ સંસ્થાઓના સંયુક્ત રિસર્ચમાં બહાર આવેલું તારણ

અમદાવાદ,તા.૧૭

ગુજરાતમાં કોરોનાની સૌથી ખતરનાક અને ગંભીર ખબર સામે આવી છે. અમદાવાદનીની સાબરમતી નદીમાંથી કોરોના વાયરસ મળી આવ્યો છે. સાબરમતી નદીમાંથી લેવાયેલા તમામ નમૂના કોરોનાથી સંક્રમિત નીકળ્યા છે. અમદાવાદની લાઈફલાઈન સાબરમતી નદીમાં પણ કોરોના વાયરસ હોવાનો પુરાવો સામે આવ્યો છે. માત્ર સાબરમતી નદી જ નહિ, અમદાવાદના પ્રખ્યાત તળાવોમાંથી લેવાયેલા સેમ્પલ પણ પોઝિટિવ આવ્યા છે. અમદાવાદના કાંકરિયા, ચંડોળા લેકમાંથી લેવાયેલા સેમ્પલ પણ પોઝિટિવ નીકળ્યા છે. આઈઆઈટી ગાંધીનગર સહિત દેશની ૮ સંસ્થાઓ દ્વારા આ સરવે હાથ ધરાયો હતો. ગત વર્ષે સેમ્પલ લઈને તપાસ કરવામાં આવી હતી, તે દરમિયાન કોરોનાની હાજરી વિશે ખબર પડી હતી. તે અભ્યાસ બાદ પ્રાકૃતિક જળ સ્ત્રોત વિષે જાણકારી મેળવવા માટે ફરી અભ્યાસ શરૂ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી દેશના કેટલાક શહેરોમાં સિવેજ લાઈનમાં કોરોના વાયરસ મળ્યો હોવાની પુષ્ટિ થઈ છે. પણ પહેલીવાર પ્રાકૃતિક જળ સ્ત્રોતમાં પણ કોરોના વાયરસ મળ્યો છે. લેવાયેલા સેમ્પલમાં કોરોના વાયરસની હાજરી ઘણી વધુ જોવા મળી છે. આનાથી સ્પષ્ટ થાય છે કે, કોરોના વાયરસ પ્રાકૃતિક જળમાં પણ જીવિત રહી શકે છે. તે માટે જાણકારો કહી રહ્યા છે કે, તમામ પ્રાકૃતિક જળ સ્ત્રોતની તપાસ કરવી જરૂરી છે. આમ, ગુજરાતની નદીઓ પણ કોરોનાથી મુક્ત નથી. સાબરમતી નદી કેટલાય વિસ્તારોમાંથી વહે છે,

● અનુસંધાન પાન-૭ પર